# આસપાસ ચોપાસ

## વૈષ્ણવ દેવીની પ્રતિકૃતિનું મંદિર ગામની ઓળખ સમાન

વલસાડના ધમડાચી ગામે વૈષ્ણવ દેવી માતાની પ્રતિકૃતિનું સુંદર મંદિરર બનાવ્યું છે. આ મંદિર સમગ્ર વલસાડ જિલ્લામાં પ્રખ્યાત બન્યું છે. આ મંદિરની આસ્થા પણ ખૂબ છે. આ મંદિર ધમડાચી ગામની ઓળખ સમાન બન્યું છે. આ મંદિરના પ્રાંગણમાં મેળો પણ ભરાય અને નવરાત્રી દરમિયાન સુંદર ગરબાનું પણ આયોજન થતું હોય છે.




## ધમડાચી ગામના તળાવ વિશે પણ માન્યતા

ધમડાચીના તળાવમાં વર્ષો અગાઉ બે મગર હતા. તેમણે બે દેસાઇ અને એક હળપતિનો ભોગ લીધો હતો. ત્યારબાદ કેટલાક દેસાઇઓ પણ તળાવમાં ડૂબીને મોતેને ભેટ્યા હતા. જો કે, ઉનાળા દરમિયાન તળાવ સુકાઇ જતું હતું. જ્યાં ગામના યુવાનો ક્રિકેટ રમતા હતા. જો કે, હાલ તળાવમાં ભરપૂર પાણી રહે છે અને તેમાં કોઇ ડૂબતું પણ નથી. હાલ તળાવ ફરતે પાળ બની છે અને તેની બાજુમાં બાળકો માટે ક્રિડાંગણ બનાવવાનો પ્લાન પણ ચાલી રહ્યો છે. ગામના સરપંચ અનિષાબેને જણાવ્યું કે, ટૂંક જ સમયમાં તળાવનો વિકાસ કરાશે, જેમાં વડિલોથી લઇ બાળકો અને મહિલાઓ માટેની વિશેષ વ્યવસ્થા કરવામાં આવશે. બાળકો માટે ક્રિડાંગણ, વડિલો માટે બેસવાના બાકડા અને તળાવ કિનારે આવેલા વડની પૂજા અર્થે આવતી બહેનો માટે યોગ્ય પેવર બ્લોક લગાવાયા છે. તેમજ તેમની સુખાકારી અને સગવડ માટે યોગ્ય સુવિધા ઊભી કરાઇ રહી છે.



## ગામમાં કૃષ્ણ પ્રણામી મંદિરનો પણ ઈતિહાસ

વલસાડમાં ભાવસાર સમાજ કૃષ્ણ પ્રણામી મંદિરમાં માને છે. વલસાડમાં છીપવાડમાં સિવાય કોઇપણ સ્થળે આ મંદિર નથી. જે ધમડાચી જેવા ગામમાં બન્યું છે તેનો પણ ઇતિહાસ છે. વર્ષો અગાઉ રાજદાસ નામના સાધુ ગામમાં આવ્યા હતા. તેમનાં પત્નીનું નામ સુંદરના. તેઓ પ્રણામી ધર્મ પાળતાં હતાં. તેમને જોઇ ગામના અન્ય અનાવિલ પરિવારો પણ આ ધર્મ સાથે જોડાયા હતા. આ ગામમાં સુરત પ્રણામી મંદિરનો વાડો હતો. ત્યાં એક દેવડી બનાવાઇ હતી. આજે એ મંદિર બન્યું છે. આજે પણ કૃષ્ણ પ્રણામી મંદિર જોવા મળે છે.

## ડોર ટુ ડોર કચરાનું કલેક્શન

ધમડાચી ગામમાં ડોર ટુ ડોર કચરાનું કલેક્શન કરવામાં આવી રહ્યું છે. ગામની વેરાની આવક રૂ.35 લાખથી વધુ હોય ગામના સ્વભંડોળમાંથી પણ અનેક કાર્યો થઇ રહ્યાં છે, જેમાં સૌથી મહત્ત્વની બાબત એ છે કે, ગામમાં ડોર ટુ ડોર કચરાનું કલેક્શન થઇ રહ્યું છે. તેમજ ગામના અનેક નાનાં-મોટાં કામો તેમજ ખાસ કરીને સફાઇનાં કામો થતાં ગામ સ્વચ્છ રહે છે.

## સમગ્ર ગામને સીસીટીવીથી સજ્જ કરાયું

ધમડાચી ગામ નેશનલ હાઇવેની બંને બાજુ વિસ્તરેલું છે. જેના કારણે તેની સુરક્ષા માટે તેને સીસીટીવી કેમેરાથી સજ્જ કરાયું છે. જેના કારણે ગામમાં કોઇપણ અનિચ્છનીય ઘટના બને તો તેને સીસીટીવી ફૂટેજથી ઉકેલી શકાય છે. જેના કારણે ગામના અનેક નાનાથી લઇ મોટા નાકા પર સીસીટીવી કેમેરા ગોઠવાયા છે.

## 100 ટકા ઘરમાં નળથી પાણી પહોંચે છે

ધમડાચી ગામમાં પાણીની સમસ્યાનું નિવારણ કરાયું છે. ગામનાં 100 ટકા ઘરોમાં નળથી પાણી પહોંચી રહ્યું છે. નલ સે જલ યોજના અંતર્ગત આખા ગામને આવરી લેવાયું છે. તેમજ આ ગામ વલસાડ તાલુકાનું સૌથી વધુ રૂ.5 લાખનો પાણી વેરો ભરતું ગામ બન્યું છે. જેમાં અહીં ધમધમતા ઉદ્યોગોનો મોટો ફાળો મનાઇ છે. આ ગામના લોકોના વિકાસમાં ઉદ્યોગોનો પણ મોટો ફાળો રહ્યો છે.

## બાળકો અને વડીલોને પ્રવાસે પણ લઈ જવાય છે



ગામમાં પરિવારવાદની ભાવના જન્મે એ માટે પંચાયત દ્વારા દર વર્ષે ગામની સ્કૂલોમાં અભ્યાસ કરતાં બાળકોને પ્રવાસે લઇ જવાય છે. તેમજ વડીલોને પણ પ્રવાસે લઇ જવાય છે. પંચાયત દ્વારા સ્કૂલનાં બાળકોને અને વડીલોને ગાંધીનગર ખાતે વિધાનસભાની મુલાકાતે પણ લઇ જવાયા હતા. જેના થકી બાળકોને અને વૃદ્ધોનો અનોખો પ્રવાસ થઇ ગયો હતો.



## દેસાઈ પરિવારે પોતાની જમીન આપી અને લાઇબ્રેરી બનાવડાવી

ધમડાચી ગામે રહેતા મોહનજી નાગરજી દેસાઇ અપરિણીત હતા. તેમણે પોતાની જમીન ગામલોકોને આપી દીધી હતી. ગામના અગ્રણીઓએ તેનું ટ્રસ્ટ બનાવી ગામના વિકાસના ઉપયોગમાં લીધી હતી. આ જમીનમાં ગામના બળવંતરાય દેસાઇ તરફથી પોતાની માતાની યાદમાં એક મકાન બનાવાયું અને તેમાં ગજરાબા પુસ્તકાલય શરૂ કરાયું હતું. આજે ઝડપી અને મોબાઇલની ડિજિટલ દુનિયામાં ભલે વાચકો ઓછા થયા છે, પરંતુ આજે પણ આ પુસ્તકાલય ચાલુ છે. કેટલાક પુસ્તક રસિયાઓ આજે પણ અહીં આવે છે. તેમજ આ પુસ્તકાલયની ઉપર ગામના અગ્રણી મહિલા દમયંતીબેનની યાદમાં તેમનાં પુત્રી બિનાબેને એક રૂમ બનાવડાવ્યો છે. અહીં ગામની મહિલાઓ ભેગી મળી ભજન ગાય છે. શેરી ગરબાની પ્રેક્ટિસ કરે છે. શેરી ગરબાની હરીફાઇઓ પણ થાય છે. તેમજ સમાજના અનેક પ્રસંગો પણ આ હોલમાં થાય છે.



## વલસાડની એપીએમસી પણ ધમડાચી ગામે બનાવાઈ છે

વલસાડની નવી એપીએમસી ધમડાચી ગામે શરૂ કરાઇ છે. અહીં હાઇવેને અડીને આવેલી વિશાળ જમીનમાં એપીએમસીની દુકાનો બનાવાઇ છે. ભલે આ એપીએમસી અત્યાર સુધીમાં સફળ થઇ શકી નથી. તેની દુકાનો વેચાઇ નથી, પરંતુ કેરીની સિઝનમાં આ એપીએમસી ધમધમતી થઇ જાય છે. અનેક મોટા મોટા કેરીના વેપારીઓ અહીં આવે છે, મંડપ લગાવે છે અને અહીંથી લાખો રૂપિયાની કેરીનો વેપાર કરતા રહે છે. જેના કારણે ગામને પણ તેના બહોળા વેપારના કારણે ટેક્સનો ફાયદો થાય છે. સાથે સાથે રોજગારી પણ ઊભી થઇ રહી છે.

## દીકરીઓને વિશિષ્ટ સિદ્ધિ માટે સન્માન



ધમડાચી ગામના નવા બનેલાં સરપંચ અનિષાબેન પટેલે અનોખો ચીલો ચીતર્યો છે. તેમના દ્વારા દર 15મી ઓગસ્ટ અને 26મી જાન્યુઆરીની ઉજવણીમાં જે દીકરીનો જન્મ થયો હોય તેમને વ્હાલી દીકરી વધામણાં અંતર્ગત ચાંદીના સિક્કા અને સર્ટિફિકેટથી સન્માનવામાં આવે છે. તેમજ ગામના કોઇપણ વ્યક્તિએ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તો તેમને પણ સર્ટિફિકેટ આપી તેમનું સન્માન કરવામાં આવે છે. તેમના દ્વારા શરૂ થયેલી આ નવી પ્રથા સમગ્ર ગામને એક પરિવારની જેમ જોડી રાખે છે અને ગામ પ્રત્યે લોકોને અનોખો પ્રેમ ઉદભવે છે.

## ધમડાચી ગામનો વિકાસ જોવા પ્રેરણા પ્રવાસીઓ આવે છે




ધમડાચી ગામના સરપંચને વલસાડ તાલુકાના શ્રેષ્ઠ સરપંચનો એવોર્ડ મળ્યો છે. જેની સાથે ધમડાચી ગામના સંચાલન માટે તેમજ ગામના વિકાસ માટે અહીં અનેક પ્રેરણા પ્રવાસની ટુર આવે છે. અન્ય ગામોથી લોકો ધમડાચી ગામના વિકાસની પ્રેરણા લેવા માટે અહીં ખાસ આવી રહ્યા છે.

## ગામના એનઆરઆઈનો વિકાસમાં સહકાર

ધમડાચી ગામના અનેક પરિવારો વિદેશમાં સ્થાયી થયા છે. તેઓ ગામના વિકાસમાં કે ગામની જરૂરિયાતમાં હંમેશાં પડખે ઊભા રહેતા હોય છે. ગામમાં પાણીની ટાંકીનું નિર્માણ કાર્ય કરવાનું હોય, કેનેડા સ્થાયી થયેલાં શિવાનીબેન દેસાઇના પરિવારે સ્વ.નીતિનભાઇ ખંડુભાઇ દેસાઇના સ્મરણાર્થે પીવાના પાણીની ટાંકી અને પરબ પણ બનાવડાવી આપી છે. ગામ પ્રત્યે એનઆરઆઇ પરિવારનો પ્રેમ જેમાં પ્રદર્શિત થઇ રહ્યો છે.



## યુવાનોને સરકારી નોકરી અપાવવા સરપંચની નેમ સફળ

ધમડાચી ગામના યુવાનો વિવિધ સરકારી પરીક્ષાઓ પાસ કરે એ માટે સરપંચ અનિષાબેન દ્વારા ગ્રામ પંચાયતની ઉપરનો હોલ યુવાનોના અભ્યાસ માટે ખુલ્લો મુકાયો છે. કોઈપણ યુવાનોને ઘરમાં અભ્યાસમાં મુશ્કેલી પડતી હોય તો તેઓ અહીં આવીને અભ્યાસ કરી શકે છે. તેમજ તેમને સરકારી પરિક્ષાઓ માટે માર્ગદર્શન મળે એ માટે અનેક સરકારી અધિકારીઓને ક્લાસ લેવા માટે પણ આમંત્રિત કરાય છે. જેના થકી ગામના કેયુર પટેલ નામના યુવાનને પોલીસ કોન્સ્ટેબલ તરીકેની નોકરી અને નિમેષ પટેલ નામના યુવાનને એસઆરપીમાં નોકરી મળી શકી છે.

## ગામના અનેક યુવાનો ડોક્ટર બન્યા

**ધમડાચી ગામના સર્વાંગી વિકાસ સાથે લોકોનો પણ વિકાસ થતો ગયો છે. ગામના યુવાનો ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે, જેમાં અનેક યુવાનો ડોક્ટર બન્યા છે. જેમાં ડો.હેમાંશુ પટેલ ન્યૂરોસર્જન બન્યા છે, ડો.ભાવીની આહીર ડેન્ટિસ્ટ અને ડો.હિનલ પટેલ ફિઝિયો થેરાપીસ્ટ બન્યાં છે.**







## ગામની દૂધની ડેરી પશુપાલકો માટે વરદાનરૂપ

ધમડાચી ગામમાં વર્ષ-2002થી દૂધની ડેરી ચાલી રહી છે. આ ડેરીનું સંચાલન મહિલાઓ દ્વારા થાય છે. જેના કારણે તેનું નામ જ મહિલાઓ સંચાલિત પીરુ ફળિયા ધમડાચી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ આપવામાં આવ્યું છે. ગામના પશુપાલકો અહીં દૂધ જમા કરાવે છે અને અહીંથી તેને વસુધારા ડેરીમાં મોકલવામાં આવી રહ્યું છે.




## ગામમાં ગૌશાળા પણ ચાલી રહી છે

વલસાડ નેશનલ હાઇવે પર ધમડાચી ગામમાં એક ગૌશાળા પણ ચાલે છે. આ ગૌશાળાનું સંચાલન ગિરિરાજ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. અહીં અનેક રઝળતી ગાયોને રાખવામાં આવે છે અને તેની સેવા થઇ રહી છે. ગામની ગૌશાળા પણ સેવાની અનોખી ધૂણી ધખાવી રહી છે.



(માહિતી સંકલન અને તસવીરઃ અપૂર્વ પારેખ)